અપીલ અરજી નં.૯/૦૮–૦૯ તા. ૯–૪–૦૮

અરજદાર : શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગત
સામાવાળા : ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી

***હુકમ:–***

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગતની તા.૯–૮–૦૭ની અરજીથી માંગેલ પાલિકાના બધાજ સસ્પેન્ડ થયેલની ૨૦૦૧ થી ૦૬–૦૭ સુધીની માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૪–'૦૮ ની અપીલ અરજી નં.૯/૨૦૦૮–૦૯

શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગતની તા.૯–૮–૦૭ની અરજીથી માંગેલ પાલિકાના બધાજ સસ્પેન્ડ થયેલની પુનઃ સ્થાપનની ઈન્કવાયરી શિક્ષાની તેમજ તેમને ચૂકવાયેલ પગાર વિગેરેની ૨૦૦૧ થી ૦૬–૦૭ સુધીની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ શિક્ષા ઈન્કવાયરી તેમજ પગાર સિવાયની માહિતી અધૂરી અને ગેરકાયદેસર હોવાનું જણાવી તેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૯–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

અરજદારે તા.૦૯/૦૮/૦૭થી બધાજ સસ્પેન્ડેડનો કર્મચારીઓનું કારણ, સસ્પેન્ડ પહેલાનો પગાર, સસ્પેન્ડ પછીનો પગાર, સસ્પેન્ડ કયા સ્થાને હતા, સસ્પેન્ડનો કેટલા વર્ષ પગાર ચુકવાયો અને કેટલા રૂપિયા ચુકવાયો અને દરેકનો પુરૂ સરનામુ વિગેરે બાબતે માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડીઈએસટી/ ૨૧૫૭ તા.૩૧/૦૮/૦૭ના રોજ અરજદારને આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ચ) મુજબ આપી શકાય તેમ નથી, તેવા જવાબ અરજદારને પાઠવેલ જેના અંનુસધાને અરજદારે નારાજ થઈને ૭ વર્ષની એસ.એમ.સી સ્ટાફ બાબતે સસ્પેન્ડ થયેલ અધિકારી વિષયક માહિતી માંગતી અપીલ અરજી તા.૨૯/૦૯/૦૮ના રોજ કરવામાં આવેલ જે બાબતે આરટીઆઈ સેલ નં.૫૧૫ તા.૧૬/૧૦/૦૭ થી આરટીઆઈ એકટના કાયદાના નિયમની જોગવાઈને અનુસરી દિન –૧૦ માં સદર અરજી સંદર્ભે અરજદારે માંગેલ માહિતી પુરો પાડતો હુકમ કરવામાં આવેલ.

ઉપરોકત વિષયે અંનુસંધાને તા.૦૯/૦૪/૦૮ના રોજ નારાજ થઈ અરજદારે માહિતી માંગતી પુનઃ અપીલ કરવામાં આવેલ જેના સંદર્ભે મુળ અરજીની નકલ આપેલ જવાબની નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૬ તા.૨૩/૦૪/૦૮ થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રીને પત્ર પાઠવવામાં આવેલ જે અંગેની માહિતી જાવક નં.જીએડીએસટી/૬૩૭ તા.૧૭/૦૫/૦૮ના રોજ અત્રેના વિભાગને મળેલ જેમાં સસ્પેન્ડ કર્મચારીના નામ, હોદો, ખાતાનું નામ, સસ્પેન્સન હેઠળ મુકવાનું કારણ, ફરજ મોકુફની તારીખ, ફરજ ઉપર પુનઃસ્થાપિત કરવાની તારીખ વિગેરે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારની અપીલ બાબતે અત્રેના પત્ર તા.૨૩–૪–૦૮ તેમજ ૮–૫–૦૮ થી વિગતો તેમજ વિલંબથી અપીલ અંગે વાજબીપણું મંગાવવામાં આવેલ પરંતુ તે આજ દિન સુધી પુરું પાડેલ નથી. અરજદારે એક જ વિષયની ફેર અપીલ બાબતે પણ કોઈ તબકકે પ્રકાશ પાડેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની સરખા વિષયવસ્તુની અગાઉ અપીલ અંગે અત્રેના હુકમ નં.૫૧૫ તા.૧૬–૧૦–૦૭ થી માહિતી પુરી પાડવા જણાવતો હુકમ કરવામાં આવેલ છે જ જેથી નહી પૂરી પાડેલ માહિતી અંગે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અમલવારી કરવા પુનઃ ડે.કમિશ્નર (પ અને ઈ)અનેજાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગત,